ત્રિમાસિક કસોટી મૂલ્યાંકન : ૨૦૨૬-૨૭

ધોરણ : ૪ | વિષય : ગુજરાતી | એકમ : ૧ અને ૨

વિદ્યાર્થીનું નામ : ..... **રોલ નં. :** ..... **કુલ ગુણ :** ૪૦

શાળાનું નામ : ..... **વર્ગ :** ..... **સમય :** ૨:૦૦ કલાક

પ્રશ્ન-૧. આપેલા ફકરાને આધારે પ્રશ્નોના સાચા વિકલ્પ પસંદ કરી લખો.

અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૩.૧ | ગુણ : ૦૪

આપણા દેશથી હજારો કિલોમીટર દૂર ઇંગ્લેન્ડમાં શનિવારે ભારતની શક્તિ જોવા મળી હતી. ભારતીય રમતવીર પ્રિયંકા ગોસ્વામીએ ૧૦૦૦૦ મીટર રેસમાં સિલ્વર મેડલ જીત્યો હતો. મેડલ સેરેમની બાદ પ્રિયંકા તેના પ્રિય બાળગોપાલની મૂર્તિ સાથે જોવા મળી હતી. તેણે કહ્યું, “આ મેડલ ભગવાન કૃષ્ણ અને મારા પરિવારને સમર્પિત છે.” તેમના સહયોગ વિના આ સફળતા શક્ય ન બની હોત. પ્રિયંકા રેલવેમાં નોકરી કરે છે. તે મૂળ મેરઠની રહેવાસી છે. તેણે ૨૦ કિલોમીટર વૉકરેસમાં દેશ માટે ઘણા મેડલ્સ જીત્યા છે. તેણે ૨૦૨૧માં ટોક્યો ઑલિમ્પિક્સમાં પણ દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પ્રિયંકાના પિતા મદનપાલ યુ.પી. રોડવેઝમાં કંડક્ટર તરીકે કામ કરતા હતા.

૧. પ્રિયંકાના પરિવારમાં કોણ કંડક્ટરની નોકરી કરતું હતું? [જવાબ:]

(A) પ્રિયંકાના નાના ભાઈ (B) પ્રિયંકાના પિતા (C) પ્રિયંકાના દાદા (D) પ્રિયંકાના કાકા

૨. નીચેનામાંથી પ્રિયંકાની બાબતમાં શું ખોટું છે? [જવાબ:]

(A) પ્રિયંકા રમતવીર છે. (B) પ્રિયંકાનું સિલ્વર મેડલથી સન્માન થયું. (C) પ્રિયંકાનું વતન મેરઠ છે. (D) પ્રિયંકાએ ૩૦ કિમી રેસમાં ભાગ લીધો.

૩. પ્રિયંકાએ પોતાને મળેલો મેડલ કોને સમર્પિત કર્યો? [જવાબ:]

(A) ભગવાન અને પપ્પાને (B) સરકારને (C) પોતાના શિક્ષકોને (D) ભગવાન અને પરિવારને

૪. વર્ષ ૨૦૨૧માં પ્રિયંકાએ દેશનું પ્રતિનિધિત્વ કયા શહેરમાં કર્યું હતું? [જવાબ:]

(A) ઇંગ્લેન્ડ (B) ટોક્યો (C) અમેરિકા (D) ભારત

પ્રશ્ન-૨. આપેલી વાર્તાને આધારે પ્રશ્નોના સાચા વિકલ્પ પસંદ કરી લખો.

અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૩.૨ | ગુણ : ૦૪

એક હિટ્ટુ કીડી હતી. તે હતી તો નાની પણ એની સૂંઘવાની શક્તિ બહુ તેજ. એને મીઠાઈની સુગંધ તો છેક દૂરથી આવી જાય. એક દિવસ તે રસોડામાં ફરતી હતી અને સૂં... સૂં... સૂં... સૂંઘતી હતી. ત્યાં જ એને સાકરનો મોટો પહાડ જેવો ટુકડો મળ્યો. તે તો તેને ખેંચવા લાગી. પણ ટુકડો જરાય હલ્યો નહીં. આખરે એ વિચારીને પોતાના રાફડા તરફ ભાગી અને તેની બહેનપણીઓને બોલાવી લાવી. થોડી જ વારમાં બધી કીડીઓ સરરર કરતી ટુકડા પાસે પહોંચી ગઈ. બધાંએ એક સાથે ટુકડાને પકડ્યો. પછી શરૂ થયું જોર લગા કે હૈસો... હૈસો... બધી કીડીઓ હસતી જાય અને ખેંચતી જાય. થોડીવારમાં તો ટુકડાને દરમાં લઈ ગઈ.

૧. હિટ્ટુ કીડીથી સાકરનો ટુકડો હલ્યો નહીં એટલે તેણે શું કર્યું? [જવાબ:]

(A) સાકરના ટુકડાને તોડી નાખ્યો. (B) બહેનપણીઓને બોલાવવા દર તરફ ભાગી.

(C) દરમાં બીજી ખાવાની વસ્તુ શોધવા ગઈ. (D) હિટ્ટુ કીડી રડવા લાગી.

૨. કીડીઓને કઈ વસ્તુની સુગંધ ઝડપથી આવી જાય? [જવાબ:]

(A) મીઠાઈની (B) કારેલાંની (C) મરચાંની (D) લીંબુની

૩. બધી કીડીઓ ભેગી થઈને શું કર્યું? [જવાબ:]

(A) હિટ્ટુ કીડીને બોલવા લાગી. (B) સાકરના ટુકડા પર ઊંઘી ગઈ.

(C) એકસાથે પકડી સાકરના ટુકડાને દરમાં લઈ ગઈ. (D) સાકરના ટુકડાને ત્યાં જ છોડી દીધો.

૪. કીડીઓએ એક સાથે સાકરના ટુકડાને ખેંચ્યો તો શું થયું? [જવાબ:]

(A) સાકરનો ટુકડો ઓગળી ગયો. (B) સાકરનો ટુકડો ખસીને ઊંચકાઈ ગયો.

(C) સાકરનો ટુકડો સરકી ગયો. (D) સાકરનો ટુકડો પલળી ગયો.

પ્રશ્ન-૩. આપેલી વિગત / માહિતીને આધારે પ્રશ્નોના સાચા વિકલ્પ પસંદ કરો. અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૩.૫ | ગુણ : ૦૪

ક્રમ	મેળાનું નામ	મેળાનું સ્થળ	સમય અને તિથિ
૧	તરણેતરનો મેળો	તરણેતર - સુરેન્દ્રનગર	ભાદરવા સુદ ૪ થી ૬
૨	ભાદરવી પૂનમનો મેળો	અંબાજી - બનાસકાંઠા	ભાદરવા સુદ પૂનમ
૩	ભવનાથનો મેળો	ગિરનાર - જૂનાગઢ	મહા વદ ૯ થી ૧૧
૪	વૌઠાનો મેળો	ધોળકા - અમદાવાદ	કારતક સુદ પૂનમ
૫	નકળંગનો મેળો	કોળિયાક - ભાવનગર	ભાદરવા વદ અમાસ

૧. બનાસકાંઠા જિલ્લામાં કઈ જગ્યાએ ભાદરવી પૂનમે મેળો ભરાશે? [જવાબ:]

(A) વૌઠા (B) ભવનાથ (C) અંબાજી (D) ભડિયાદ

૨. અમાસના દિવસે ભરાતો મેળો કયો છે? [જવાબ:]

(A) નકળંગનો મેળો (B) ભાંગુરિયાનો મેળો (C) તરણેતરનો મેળો (D) વૌઠાનો મેળો

૩. પૂનમના દિવસે કયા કયા મેળાઓ ભરાય છે? [જવાબ:]

(A) ભવનાથનો મેળો – તરણેતરનો મેળો (B) નકળંગનો મેળો – વૌઠાનો મેળો

(C) અંબાજીનો મેળો – ભવનાથનો મેળો (D) વૌઠાનો મેળો – ભાદરવી પૂનમનો મેળો

૪. સુરેન્દ્રનગર જિલ્લામાં કયો મેળો ભરાય છે? [જવાબ:]

(A) તરણેતરનો મેળો (B) વૌઠાનો મેળો (C) ભવનાથનો મેળો (D) નકળંગનો મેળો

પ્રશ્ન-૪. માગ્યા મુજબ જવાબ આપો. અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૪.૧, ગુ.૪.૬.૨, ગુ.૪.૪.૩ | ગુણ : ૦૬

(અ) લીટી દોરેલ શબ્દનો સાચો અર્થ કૌંસમાંથી શોધીને લખો : [ખૂબ ખુશ થવું | ગુસ્સે થવું | રોફ કરવો]

૧. મારા પ્રિય મિત્રને મળતાં હું રાજીના રેડ થઈ ગઈ. → **અર્થ :** .....

૨. રાહુલ નવો બુશકોટ પહેરી મિત્રો વચ્ચે છાકો પાડતો હતો. → **અર્થ :** .....

(બ) ઉદાહરણ મુજબ વાક્ય સુધારીને ફરીથી લખો : (ઉદાહરણ : એક બકરી ખાડામાં પડ્યો. → એક બકરી ખાડામાં પડી.)

૧. એક ચણો ખાડામાં પડ્યા.

જવાબ : .....

૨. ગઈકાલે ઉર્વીશ ફરવા જાય છે.

જવાબ : .....

(ક) શબ્દના સાચા અર્થ પર ગોળ (○) કરી વાક્યમાં પ્રયોગ કરો :

૧. **ખીજ :** [ગુસ્સો / ખુલ્લો]

વાક્ય : .....

૨. **અભિલાષા :** [ઉત્કૃષ્ટ ઇચ્છા / અભિલેખ]

વાક્ય : .....

પ્રશ્ન-૫. માગ્યા મુજબ જવાબ આપો. અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૫.૧, ગુ.૪.૨.૧ | ગુણ : ૦૬

(અ) કૌંસમાં આપેલા વાક્યોનો ઉપયોગ કરીને સંવાદ પૂર્ણ કરો :

[સારું, રજાચિઠ્ઠી આપીને જા. | કેમ, શું થયું? | આજે મારી તબિયત સારી નથી.]

સાગર : સાહેબ, હું અંદર આવું?

સાહેબ : હા, આવ ને સાગર.

સાગર : સાહેબ, આજે હું ઘરે વહેલો જઈ શકું?

સાહેબ : .....

સાગર : .....

સાહેબ : .....

(બ) આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો :

૧. તમને કેવું ખિસ્સું ગમે? કેમ?

જવાબ : .....

.....

૨. 'દોડવું' અને 'ઊડવું'માં શો ફેર છે?

જવાબ : .....

.....

૩. કૂકડી મહેનતુ છે કે આળસુ? તમને કેવી રીતે ખબર પડી?

જવાબ : .....

.....

પ્રશ્ન-૬. માગ્યા મુજબ જવાબ આપો. અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૬.૧, ગુ.૪.૬.૩ | ગુણ : ૦૬

(અ) વિભાગ A, B અને C માંથી યોગ્ય શબ્દ/શબ્દસમૂહ પસંદ કરી ત્રણ અર્થપૂર્ણ વાક્યો બનાવો :

વિભાગ A	વિભાગ B	વિભાગ C
બાળકો	તેનો	ફોટો જોયો.
રમેશ	તેઓનું	ભાઈ સાથે ફરવા જાય છે.
મેં ફોનમાં	તેના	ગૃહકાર્ય કરે છે.

૧. **વાક્ય :** .....

૨. **વાક્ય :** .....

૩. **વાક્ય :** .....

(બ) લીટી દોરેલો શબ્દ જવાબ મળે તે રીતે પ્રશ્નાર્થ વાક્ય બનાવો : (ઉદાહરણ : કરશનભાઈ અમદાવાદથી કપડાં લાવ્યા. → કરશનભાઈ ક્યાંથી કપડાં લાવ્યા?)

૧. જયેશભાઈ બજારમાંથી પતંગ લાવ્યા.

પ્રશ્ન વાક્ય : .....

૨. બગીચામાં માળી પાણી પાય છે.

પ્રશ્ન વાક્ય : .....

૩. નયન નિશાળેથી છૂટીને બગીચામાં જાય છે.

પ્રશ્ન વાક્ય : .....

પ્રશ્ન-૭. નીચે આપેલા વિષય પર પાંચ-છ વાક્યો લખો. અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૫.૩ (વર્ણનાત્મક લેખન / તહેવાર વર્ણન) | ગુણ : ૦૫

વિષય : દિવાળી પર્વની ઉજવણી (ઘર આંગણે દીવા પ્રગટાવવા, રંગોળી પૂરવી અને ફટાકડા ફોડવા અંગે)

પ્રશ્ન-૮. નીચે આપેલા વિષય પર પાંચ વાક્યો લખો. (કોઈપણ એક) અધ્યયન નિષ્પત્તિ : ગુ.૪.૫.૨ (સ્વાનુભવ / મૌલિક વિચાર લેખન) | ગુણ : ૦૫

(૧) ‘વરસાદની મજા’ અથવા (૨) ‘મારું દફતર’

પસંદ કરેલ વિષય : .....